# જૂના અને નવા કરારની બાઈબલ વાર્તાઓ વચનો સાથેના બાઈબલ સિધ્ધાંતો

Copyright 2004 © by Paul - Timothy. May be freely copied. Download from www.Paul-Timothy.net

## શરૂઆતના ઈસ્ત્રાએલના પૂર્વજોની ઐતિહાસિક ઘટનાઓ, તેવીજ પાછળની ઘટનાઓ અને તેને લગતા સિધ્ધાંતો

**ઉત્પત્તિ** (લાગુકરણ-દેવની ઉત્પત્તિ,નવો જન્મ અને નવીનીકરણ)

***જૂનો કરાર*** **:** દેવે ભૌતિક, સાંસારિક વિશ્વ બનાવ્યું ઉત.૧-૨

***નવો કરાર*:** દેવે શરૂ કરેલી નવી ઉત્પત્તિ- આત્મિક, અનંતકાલિક અને પાપરહિત છે. ઈસુના પુનરૂત્થાનમાં વિશ્વાસી સહભાગી બનવા દ્વારા નવી ઉત્પત્તિ બને છે. માત-૨૮

- તે નવા આકાશ અને પૃથ્વી સાથે સંપૂર્ણ હશે અને તે પ્રગટ થશે. પ્રક.૨૧-૨૨
- આપણે તેમાં આત્મિક નવો જન્મ પામ્યા છીએ.(નિકોદેમસ સાથે ઈસુ) યો ૩:૧-૭

***આપણો ઉત્તર***-આ જૂની ઉત્પત્તિમાં દેવે આપણે સારૂ સારી બાબતો ઉત્પન્ન કરી છે માટે તેનો આભાર.

- નવી ઉત્પત્તિનું ઈસુ પ્રથમફળ થયો છે તે મરણમાંથી પહેલો સજીવન થયો છે તેની સાથે એક થવા દ્વારા આપણે દેવની નવી, આત્મિક અને અનંત ઉત્પત્તિમાં પ્રવેશ પામીએ છીએ. આપણે હર્ષનાદ કરીએ (૧ કો. ૧૫, ૨ કો. ૫:૧૭) ઈસુ સિવાય બીજો માર્ગ નથી (યો.૧૪:૬)

**પરિક્ષણ** લાગુકરણ-મૂળ પાપ, મરણ, આદમ, શેતાન ઈસુએ શેતાન અને મરણને હરાવ્યા.

***જૂનો કરાર*** : જૂનો આદમ શેતાનના પરિક્ષણને આધિન થયો અને દેવની આજ્ઞા તોડી, માણસ પર મરણ લાવ્યો અને પવિત્ર દેવની જુદાઈ આવી (મૂળ પાપ) ઉત.૩

***નવો કરાર*:** છેલ્લો આદમ શેતાનના પરિક્ષણમાંથી પાર ઉતર્યો, તે માનવજાત માટે જીવન અને દેવ સાથેનું સમાધાન લાવ્યો.

- છેલ્લા આદમ ઈસુએ શેતાનનો સામનો કર્યો (૧ કો.૧૫:૪૫) માત-૪ ઈસુ આપણામાં જીવે છે અને આપણને શેતાનનો સામનો કરવામાં અને જગતને જીતવામાં સહાય કરે છે. યો.૧૬-૧૭
- ઈસુ ગેથસેમાનેમાં બાપની ઈચ્છાને-મરણ પામતા સુધી આધિન થયો(સર્વોચ્ચ કસોટી) માત ૨૬:૩૬-૪૨

***આપણો પ્રત્યુત્તર :*** આપણા પાપ કબૂલ કરીને પસ્તાવો કરવો(૧ યો. ૧:૮-૧૦)

- શેતાનનો સામનો કરો. પવિત્ર આત્માના સામર્થ્યમાં દેવના હથિયારો વાપરો. યાકૂ.૪:૭ એફે. ૬)

**કાઈન અને હાબેલ** (લાગુકરણ- લોહીના યજ્ઞો, ઈસુનું લોહી)

***જૂનો કરાર :*** જૂના કરારના ભજન માટે નિર્દોષ પ્રાણીનું વહેવડાવેલું લોહી જરૂરી હતું.

- કાઈનનું રક્તરહિત અર્પણ પ્રભુએ નકાર્યું અને હાબેલનું સ્વીકાર્યું ત્યારે પ્રથમ હત્યારા કાઈને હાબેલની હત્યા કરી.
- પ્રમુખયાજકના દીકરાઓ રક્તવિનાના અર્પણો દેવ સમક્ષ લાવ્યા તેથી દેવે તેમને મારી નાખ્યા.લેવી -૧૦

***નવો કરાર :*** નવા કરારના ભજનમાં સનાતન દેવના હલવાન ઈસુના રક્તે સ્થાન લીધું છે.

- ઈસુએ તેનું શરીર ખાવાની અને તેનું રક્ત પીવાની વાત કરીને યહુદીઓને અચંબામાં પાડી દીધા (યો.૬:૨૬-૫૯)
- ઈસુએ સમરૂની સ્ત્રીને જણાવ્યું કે આપણે આત્મા અને સત્યતાથી દેવનું ભજન કરવું જોઈએ. યો-૪

***આપણો પ્રત્યુત્તર :*** આપણા પાપોને માટે ઈસુના બલિદાનનું રક્ત છે તે યાદ કરતા દેવનું ભજન નિખાલસ

હૃદયથી કરવું જોઈએ (માત-૨૬:૨૬-૨૮)

- દેવ ચાહે છે તે રીતે પ્રભુની મેજમાં ભાગ લો ( ૧ કો.૧૦:૧૬-૧૪ ૧૧:૨૭-૩૨)
- આપણા ગળા ફાટી જાય ત્યાં સુધી આપણે હોઠોની સ્તુતિ કરી શકીએ છીએ પણ જો આપણે તેને આધિન ના થઈએ તો આપણી સ્તુતિ વ્યર્થ છે. માત. ૧૫:૬-૯

**નૂહ** (લાગુકરણ-જળપ્રલય, પસ્તાવો,સજા,ન્યાય, બીજું મરણ)

***જૂનો કરાર :*** ભૂંડાઈથી ભરેલી માનવજાતને શિક્ષા કરવા દેવે જળપ્રલય મારફતે તેઓને શારીરિક મરણની શિક્ષા કરી ઉત્પ.૬-૯

***નવો કરાર :*** જો આપણે પસ્તાવો ના કરીએ તો દેવ અનંત મરણ-નરકની આપણને ચેતવણી આપે છે.

- યોહાન બાપ્તિસ્મા કરનારે આવનાર મસીહ માટે તૈયાર થવા માણસોને પસ્તાવો કરવાનો બોધ કર્યો.માત.૩
- દેવ પશ્ચાતાપ નહીં કરનાર પાપીઓને નરકદંડની સજા કરશે(અંતિમ ન્યાય અને બીજું મરણ) પ્રક.૨૦ :૧૧-૧૫

***આપણો પ્રત્યુત્તર :*** આપણા સ્વર્ગીય પિતાની ભલાઈ તથા દયા આપણને પસ્તાવો કરવા દોરો. (રૂ ૨:૪)

- આપણા પાપથી ફરવું અને પ્રભુ ઈસુ પર વિશ્વાસ કરવો (માર્ક ૧:૧૫)

**બાબેલ** (લાગુકરણ- જાતિઓ, સંસ્કૃતિઓ, ભાષાઓ.)

***જૂનો કરાર :*** બાબેલના બુરજ વખતે દેવે જાતિઓ અને સંસ્કૃતિઓ ઉભી કરી.

- માણસે એક ઘમંડી સમાજરચનામાં જોડાઈ રહેવા પ્રયત્ન કર્યો પણ દેવે તેમને ઘણી ભાષાઓમાં વિખેરી નાખ્યા(ઉત.૧૦)

***નવો કરાર :*** તમામ જાતિઓ અને સંસ્કૃતિઓ દેવના સનાતન રાજ્યાસન આગળ તેનું ભજન કરશે (પ્ર૭:૯-૧૭)

***આપણો પ્રત્યુત્તર :*** માણસની રચેલી સત્તાની શક્તિમાં નહીં પણ દેવ પર વિશ્વાસ કરવો. (ઝખા.૪:૬)

- સ્વર્ગમાં અનંતકાળ સુધી પ્રભુએ માન્ય કરેલ જુદી જુદી જાતિઓ અને સંસ્કૃતિઓનો સ્વીકાર કરો. ખ્રિસ્તની કન્યામાં પૃથ્વીના સર્વ દેશો,જાતિઓ અને ભાષાઓ પોતાની સુંદરતા અને ગૌરવ લાવશે. (પ્ર૭:૯-૧૨)
- સર્વ દેશનાઓને શિષ્ય કરો(સાંસ્કૃતિક લોક મંડળો- માત.૨૮:૧૮-૨૦)

## ઈબ્રાહીમને દેવની પ્રતિજ્ઞા (સંબંધિત-પ્રતિજ્ઞા વિશ્વાસ, કરાર)

***જૂનો કરાર :*** વિશ્વાસ કરનાર ઈબ્રાહીમના સંતાનમાં દેવે જગતના સર્વ દેશોને આશીર્વાદ આપવાનું વચન આપ્યું.

- ઈબ્રાહીમે દેવ પર વિશ્વાસ કર્યો અને દેવે તેને ન્યાયપણાને અર્થે ગણીને ઈબ્રાહીમના સંતાન દ્વારા આ આશીર્વાદનું દેવે વચન આપ્યું અને તેને ગંભીર રીતે કરાર કરીને દેવે મહોર મુદ્રા મારી. (ઉત.૧૨:૧-૭,ઉત-૧૫)
- દેવે ઈબ્રાહીમને ચમત્કારીક રીતે દીકરો આપવાનું વચન આપ્યું. ઈબ્રાહીમે દેવ પર વિશ્વાસ કર્યો (ઉ.૧૫:૧-૬)

***નવો કરાર :*** ઈબ્રાહીમના સંતાન દ્વારા દુનિયાના બધા દેશોને આશીર્વાદ આપવાની પ્રતિજ્ઞા દેવે તેના સંતાન ઈસુ દ્વારા પૂર્ણ કરી છે. ઈસુમાં પાપોની માફી અને સાજાપણું છે.

- મરિયમે ચમત્કારીક રીતે જે તેનો દીકરો અને તારનાર બંને હતો તેને જન્મ આપવાનો સ્વીકાર કર્યો. લુ.૧:૨૬-૫૬
- ઈસુએ ભૂત વળગેલાને અને બીજા ઘણાને તેઓના વિશ્વાસને લીધે સાજા કર્યા. માર્ક ૧:૨૧-૩૪

- ઈસુએ પક્ષઘાતીના પાપ માફ કર્યા અને સાજો કર્યો તેને ઉંચકી લાવનાર મિત્રોના વિશ્વાસને કારણે માર્ક ૨:૧-૧૨
- જેઓએ વિશ્વાસ કર્યો હતો તેવા ઘણા દેશોના યહુદીઓ ઉપર દેવે પવિત્ર આત્મા રેડ્યો (પચાસમાના દિવસે) પ્રે.૨
- દેવે વિદેશીઓ ઉપર પણ પવિત્રઆત્મા રેડીને બધી જાતિઓને માટે તારણનું દ્વારા ખુલ્લું કર્યું. (પ્રે૧૦:૪૪-૪૮)

***આપણો પ્રત્યુત્તર :*** આપણા પોતાના સારાપણાથી નહી પણ વિશ્વાસથી દેવની માફી પામો. (એ. ૨:૮-૧૦)

- આપણે ઈબ્રાહીમના વારસો છીએ. તેના જેવો વિશ્વાસ કરીને આપણે તેને અપાયેલ વચન પ્રમાણેનો આશિષ આપણે પામીએ છીએ.(ગલા.૩:૬-૧૨ ૪:૨૧-૩૧)
- સર્વ દેશોના લોકોને આપણે પવિત્ર આત્માની શક્તિ વડે ખ્રિસ્તની સાક્ષી આપી શકીએ છીએ.(પ્રે.૧:૮)
- ઈસુના નામમાં શારીરિક સાજાપણા માટે આપણે પ્રાર્થના કરી શકીએ છીએ. (યાકૂ૫:૧૪-૧૬)
- દેવે જેમ પાઉલને માટે કર્યું તેમ તે આપણને સાજાપણું આપે અથવા તેને બદલે બીજા પ્રકારે કૃપા આપે તેવી માંગણી કરો (૨ કો.૧૨:૭-૧૦) દેવ દરેકને માંદગીમાંથી સાજાપણું આપતો નથી. નહીં તો કોઈ મરે જ નહીં અને તેની પાસે સ્વર્ગમાં જાય જ નહીં !

## ઈબ્રાહીમનો વિશ્વાસ (સંબંધિત - વિશ્વાસ,ઈસ્લામ, ઈસ્હાક)

***જૂનો કરાર :*** ઈબ્રાહીમનો વિશ્વાસ સારા કામ અને દેવની પ્રતિજ્ઞા તરફ દોરી જાય છે જેના ઉપર જૂના તેમજ નવા કરારનો પાયો છે.

- ઈબ્રાહીમે તેના સ્વાર્થી ભત્રીજા લોટને લીલોતરીથી સમૃધ્ધ દેશ પસંદ કરવા દીધો. ઉત-૧૩
- લોટને બચાવવા ઈબ્રાહીમ તેના માણસોને લઈને પાંચ રાજાઓ સામે લડવા વિશ્વાસથી ગયો. ઉ.૧૪
- ઈબ્રાહીમ નો વિશ્વાસ ઈસ્હાકના જન્મમાં પરિણમ્યો જેના દ્વારા દેવે તેની કૃપાનો કરાર કર્યો. ઉત.૨૧
- દેવે ઈબ્રાહીમને તેના એકનાએક દીકરા એટલે વચનના વારસદાર દીકરાનું બલિદાન ચઢાવવાની આજ્ઞા આપીને તેના વિશ્વાસની કસોટી કરી. ઉત-૨૨
- ઉત-૧૬-૧૭ પ્રમાણે ઈબ્રાહીમે થોડીક ક્ષણિક વિશ્વાસભંગની ભૂલ કરીને પોતાના સ્વપ્રયત્નથી દેવનો કૃપાનો કરાર પૂર્ણ કરવા કોશિષ કરી તેનું પરિણામ એ છે કે આજે પણ હાગારના ગેરકાયદેસર સંતાન ઈસ્માએલના મુસ્લીમ આરબ વંશજો ઈબ્રાહીમના સારાહ દ્વારા થયેલા સંતાનની સામે લડે છે.

***નવો કરાર-***નવો જન્મ પામવા માટે પ્રભુ ઈસુ વિશ્વાસ માંગે છે. સાજાપણુ અને દેવના આશિષો પણ મળે છે.

- ઈસુ એ નિકોદેમસ ને સમજાવ્યું કે વિશ્વાસ કરીને આપણે પવિત્ર આત્મા દ્વારા નવો જન્મ પામવો જોઈએ. યોહાન-૩
- સૈન્યના ઉપરીના વિશ્વાસને કારણે પ્રભુ ઈસુએ તેના ચાકરને સાજાપણુ આપ્યુ. માત્થી ૮:૫-૧૭
- બે આંધળા માણસોને પ્રભુ ઈસુએ તેમના વિશ્વાસના કારણે દેખતા કર્યા. માત્થી ૯:૨૭-૩૮

***આપણો પ્રત્યુત્તર :*** વિશ્વાસથી આપણા તારણનું પરિણામ સારા કૃત્યમાં આવે છે. નહિ તો આપણો વિશ્વાસ પ્રમાણિક નથી. (એફેસી૨:૮-૧૦, યાકુબ ૧:૨૨-૨૪)

- જે પ્રમાણે ઈબ્રાહીમે દેવના કૃપાનો કરાર તેના સ્વપ્રયન્તથી પુરો કરવાની કોશિષ કરી જેના કારણે ઈસ્માએલનો જન્મ થયો. તેના વંશમાં આરબો આવ્યા. તેઓ માં ઈસ્લામનો ઉદય થયો. જે દુનિયાનો સૌથી ચુસ્ત કાયદાવાળો ધર્મ છે. (ગલાતી૩: ૬-૧૨ ગલાતી ૪:૨૧-૩૧)
- રોજ નવી કૃપામાં આવો પ્રાર્થના અને બાઈબલ વાંચન દરરોજ કરો પવિત્ર આત્માને રજા આપો. કે તે

આપણને રોજ રોજ નવા બનાવતો જાય. (૨ કોરંથી ૪:૧૬)

**ઈબ્રાહીમનું કારભારીપણુ** (સંબંધીત- આપવું)

***જુનો કરાર :*** જુના કરારના કારભારીઓને પ્રભુએ સારો બદલો આપેલો છે.

- ઈબ્રાહીમે ખ્રિસ્તની પ્રતિછાયા રૂપ યાજક મલ્ખીસેદેકને હુમલાખોરો પાસેથી તેણે પાછી મેળવેલી સંપત્તિનો દશમો ભાગ આપ્યો. અને તે લોકોની સંપત્તિમાંથી કંઈ પણ લેવાનો નકાર કર્યો. ઉત્પત્તિ ૧૪:૧૧-૨૪
- બોઆઝે પોતાના કાપનારાઓને અનાજ કાપતી વખતે થોડું થોડું રહેવા દેવાની સુચના આપી જેથી ગરીબ સળો કરનારી રૂથને અનાજ મળે. રૂથ-૨

***નવો કરાર :***જેઓ પ્રભુના કામ માટે અને જેઓ ગરીબ છે તેઓને ઉદારતાથી આપે છે તેઓને દેવ આકાશમાં ધન આપવાનું વચન આપે છે.

- ગરીબ વિધવાએ પોતાને જીવન જીવવા જરૂરી હોવા છતાં પોતાની એક અધેલી દાનમાં આપી. લુક૨૧:૧-૪
- બાર્નાબાસે પોતાની સંપત્તિ વેચી નાખી અને જેઓને જરૂર હતી તેઓને નાંણા આપ્યા. પ્રે.૪:૩૩-૩૭
- ભલા સમરૂનીએ પોતાના દુશ્મનને મદદ કરી. કાળજી લીધી. લુક૧૦:૨૫-૩૭
- વિશ્વાસુ કારભારીઓના દ્રષ્ટાંત દ્વારા પ્રભુ ઈસુએ સારા કારભારીપણાનો ઉત્તમ દાખલો પૂરો પાડ્યો. લુક૧૯:૧૧-૨૭
- અવિશ્વાસુ કારભારીને ખરાબ બદલો મળે છે તે દ્રષ્ટાંત દ્વારા પ્રભુ ઈસુએ સમજાવ્યું. લુક૧૬:૧-૮

***આપણો પ્રત્યુત્તર :*** પ્રભુએ આપણને પૈસા કે વસ્તુઓ જે સોંપ્યુ હોય તેનો સારો વહીવટ કરીને સારા કારભારી બનવું જોઈએ (૧ કો.૪:૨)

- રાજીખુશીથી આપો. પ્રભુ ચાહતો નથી કે આપણે કચવાતાં મનથી આપીએ. (૨ કો.૯:૬-૧૫)

**ઈબ્રાહીમની મધ્યસ્થીની પ્રાર્થના** (સંબંધિત-વિશ્વાસ,મધ્યસ્થી,સાજાપણું.)

***જૂનોકરાર :***દેવે જૂના કરારમાં વિશ્વાસથી કરેલી પ્રાર્થના સાંભળી છે અને ઉત્તર આપ્યો છે.

- લોટ અને તેના કુટુંબ માટે ઈબ્રાહીમની જોરદાર મધ્યસ્થીની પ્રાર્થના (સદોમ અને ગમોરાહ વખતે ઉત.૧૮-૧૯ અધ્યાય)
- દેવના મંદિરના અર્પણ માટે અને દેવના લોકો માટે સુલેમાનની સામર્થ્યવાન પ્રાર્થના (૨ કાળ ૬ થી ૭માં અધ્યાયની ૪ કલમ સુધી)
- એઝરાની દેવના લોકો વતી પાપ કબુલાતની પ્રાર્થના અને તેના પરિણામરૂપી જાગૃતિ એઝરા ૯-૧૦ અધ્યાયની ૧૯ મી કલમ

***નવો કરાર :*** આપણી વિશ્વાસથી કરેલી પ્રાર્થનાનો પ્રભુ જવાબ આપે છે.

- પીતર અને યોહાને ઈસુના નામમાં પ્રાર્થના કરીને લંગડા માણસને ચાલતો કર્યો અને તેને કારણે તેમને જેલમાં જવું પડ્યું. પ્રે.૩-૪ અધ્યાય
- ભૂતથી પીડાતા પોતાના દીકરા માટે એક પિતાની વિશ્વાસ સાથેની સાદી પ્રાર્થના માર્ક ૯:૧૪-૨૯
- એક સાદા દાણીની ટૂંકી પ્રાર્થના (લુક૧૮:૯-૧૪)
- ઈસુએ આપણને પ્રાર્થના કરતાં શીખવ્યું (તે ઉપરાંત - ઓ આકાશમાંના) માત.૬:૧-૧૫
- ઈસુએ પોતાના શિષ્યો અને આપણે માટે પ્રાર્થના કરી યો.૧૭
- ઈસુ તેની પ્રાર્થનામાં દેવની ઈચ્છાને આધિન થયો અને આપણે માટે પ્રાણ આપવા તૈયાર થયો. (માત.૨૬:૩૬-૪૬)

***આપણો પ્રત્યુત્તર :*** ઈસુએ તેના નામમાં આપણને પ્રાર્થના કરવા જણાવ્યું જેથી આપણો આનંદ સંપૂર્ણ થાય. યો.૧૬-૨૪

- પાઉલ આપણને પ્રાર્થના કરવાનું છોડી દીધા વગર સતત પ્રાર્થના ચાલુ રાખવાનું કહે છે. (૧ થે.૫:૧૭)
- પ્રેરિત યોહાન આપણને આપણા પાપ દેવ સમક્ષ કબૂલ કરવાનું કહે છે. ૧ યો. ૧:૮-૧૦

## ઈસ્હાકની કન્યા રીબકાહ (સંબંધિત-ઈસ્હાક, પચાસમાનુંપર્વ,પવિત્ર આત્મા)

***જૂનો કરાર***- ઈબ્રાહીમે પોતોના દિકરા ઈસ્હાક માટે વિશ્વાસી કન્યા શોધવા માટે પોતાના ચાકરને દૂર દેશ મોકલ્યો. ઉત.૨૪

***નવો કરાર***- દેવ પોતાના પુત્ર ઈસુ ખ્રિસ્ત માટે વિશ્વાસી કન્યા - મંડળી - શોધવા માટે પવિત્ર આત્માને મોકલે છે.

- ઈસુએ સંબોધકનું વચન આપ્યું કે જે આપણને પાપ વિષે ખાતરી કરાવે છે અને આપણને ખ્રિસ્તનું પ્રકટીકરણ આપે છે. યો,૧૪:૧૫-૨૬ ૧૬:૭-૧૬
- પચાસમાના દિવસે પવિત્ર આત્મા આવ્યો અને પ્રથમ મંડળી યહુદીઓમાં શરૂ થઈ પ્ર-૨
- પવિત્રઆત્મા વિદેશીઓમાં આવ્યો. પહેલી વિદેશી મંડળીનો જન્મ કર્નેલિયસના ઘરમાં થયો. પ્રે-૧૦

***આપણો પ્રત્યુત્તર:*** દેવના પસંદ કરેલા, મંડળી તરીકે પસંદ થયેલાઓને દૂર દૂરના દેશોમાંથી શોધો.(માત.૨૮:૧૯-૨૦)

## યાકૂબે દેવની કૃપા પ્રાપ્ત કરી (સંબંધિત-યાકૂબ, એસાવ, વિશ્વાસ, વિશ્વાસથી તારણ)

***જૂનો કરાર :*** સર્વશક્તિમાન દેવે જેમને પસંદ કર્યા તેમને તેણે કૃપા આપી,તેમના સારા કામોને કારણે નહિ.

- યાકૂબે પોતાના ભાઈ એસાવને ઠગ્યો તો પણ તેણે કૃપા પ્રાપ્ત કરી.ઉત.૨૭-૩૩
- આ લાંબી વાર્તામાં નિયમશાસ્ત્ર આવ્યા પહેલાની હેબ્રી સંસ્કૃતિ વિષે જાણવા મળે છે.
- યાકૂબે કપટથી એસાવ પાસેથી જયેષ્ઠપણું પ્રાપ્ત કર્યું. ઉત.૨૭
- યાકૂબે ભજન કર્યું અને સ્વર્ગ સુધીની સીડી જોઈ. દેવે ઈબ્રાહીમને આપેલ પ્રતિજ્ઞાઓ યાકૂબને ફરીથી આપી. ઉત.૨૮
- દેવે યાકૂબને તેના કપટની સજા કરી-લાબાને તેને છેતર્યો. ઉત.૨૯
- યાકૂબના વિશ્વાસને કારણે જે કે તેણે ખરાબ બાબતો કરી છત્તાં દેવે તેને સંપત્તિ અને બાળકો બંને રીતે આશીર્વાદ આપ્યો.ઉત.૩૦
- દેવે યાકૂબને લાબાન અને એસાવ બંનેના કોપથી બચાવ્યો. યાકૂબે દૂતની સાથે મલ્લયુધ્ધ કર્યું. ઉ.૩૧-૩૩

***નવો કરાર***- પ્રભુ ઈસુ ખરાબ લોકોને તેમના વિશ્વાસને કારણે માફી આપે છે તેમની કરણીઓને પ્રતાપે નહિ.

- એક પાપી સ્ત્રીને ઈસુએ માફી આપી. લુક૭:૩૬-૫૦
- પ્રભુ ઈસુ દ્રષ્ટાંત દ્વારા સમજાવે છે કે તે ભલા અને ભૂંડા દરેકને પોતાના ભોજનમાં નિમંત્રે છે. માત.૨૨:૧-૧૦
- ઈસુએ પાપીઓની સાથે ખાધું અને પીધું. તે પાપીઓને બચાવવા આવ્યો હતો અને તેની નિંદા કરવામાં આવી. લુક૫:૨૭-૩૨

***આપણો પ્રત્યુત્તર :*** પ્રભુનો આભાર માનો કારણકે આપણી કરણીઓથી નહીં પણ આપણા વિશ્વાસને કારણે તે આપણને માફી બક્ષે છે. રૂમી ૮:૨૮-૩૦ રૂ ૯:૧૦-૧૮

- સુવાર્તા સારા અને ખરાબ બંને માણસો પાસે લઈ જાવ કારણકે પ્રભુ ઈસુ ખોવાયેલાને શોધવા માટે આવ્યા

છે. લુક૫ઃ૩૨

**યુસફે માફી આપી** (સંબંધિત-માફી, મધ્યસ્થી, ઈસુ આપણો વકીલ )

***જુનો કરાર :*** યુસફે ઈસ્ત્રાએલપુત્રો કે જેમણે તેની સાથે સારો વ્યવ્હાર નહોતો કર્યો તેમને માટે મધ્યસ્થતા (વકીલાત) કરી

- યુસફ બળવાન થયો અને ફારુન સાથે પોતાને ગુલામીમાં ધકેલનાર પોતાના ભાઈઓ માટે અરજ ગુજારી. ઉત.૩૭,ઉત૩૯-૪૫
- આ લાંબી વાર્તાના તમે ભાગ પાડી શકો. તે માફી, શુધ્ધતા, કૌટુંબીક ઝઘડા, મધ્યસ્થી અને દેવની સહાય જેવા વિષયોમાં વહેંચી શકાય. યુસફ પ્રભુ ઈસુ ખ્રિસ્તની પ્રતિછાયા અને ભવિષ્યવાણીરૂપ હતો. તે-

  એક ઘેટા પાળક

  તેના બાપનો પ્રિય

  ઈસ્ત્રાએલપુત્રો એટલે તેના ભાઈઓ દ્વારા વેચાયેલો

  પરિક્ષણનો સામનો કર્યો

  ખોટી રીતે બંદિવાન કરાયો

  યોગ્ય સમયે રાજાના જમણા હાથે તેને માનપાત્ર જગાએ ઉંચો કરાયો

  તેના ભાઈઓ માટે તેણે મધ્યસ્થી કરી

  ભવ્ય મિજબાનીમાં ભાઈઓ સાથે ફરી જોડાયો.

***નવો કરાર :*** આપણે જો કે તેની આગળ પાપ કર્યું છે. તો પણ પ્રભુ ઈસુ બાપ સામે આપણો મધ્યસ્થ(વકીલ) બન્યો છે.

- પ્રભુ ઈસુ ઉત્તમ ઘેટાંપાળક છે અને તે ખોવાયેલાંને શોધે છે. લુક૧૫ઃ૧-૧૦
- જેઓએ તેને વધસ્તંભે જડ્યો તેઓને માફ કરવા માટે ઈસુએ પિતાને પ્રાર્થના કરી. લુ.૨૩
- ઈસુએ પોતાના શિષ્યોને એ શિખવ્યું કે આપણે શા માટે બીજાઓને માફી આપવી જોઈએ. માત.૧૮ઃ૧૫-૩૫

***આપણો પ્રત્યુત્તર :*** ઈસુના નામમાં પ્રાર્થના કરો.તે પિતા પાસે આપણો મધ્યસ્થ (વકીલ) છે તે આપણી વકીલાત કરે છે. (યો.૧૬ઃ૨૪, રૂમી ૮ઃ૩૩-૩૯)

- જેઓ આપણું ભૂંડુ કરે છે તેમને માફ કરો (માત.૬ઃ૧૪-૧૫ એફે ૪ઃ૩૨)

## મુસાના સમયની ઘટનાઓ પાછળની તેવી જ ઘટનાઓ

**દેવ મુસાને છોડાવનાર તરીકે તૈયાર કરે છે.** (સંબંધિત- આઝાદી, પાપ, છુટકારો, સંગત, પ્રભુની મેજ, યુખારીસ્ટ)

***જૂનો કરાર :*** દેવે એક છોડાવનાર ઊભો કર્યો જે તેમને મીસરની ગુલામીમાંથી છોડાવવામાં આગેવાની લે અને એક નવું પવિત્ર રાજ્ય ઉભુ કરે.

- મુસાના જન્મ સાથે ચમત્કારિક ઘટનાઓ સંકળાયેલી છે અને તેને મારી નાખવાના પ્રયાસો થયા હતા.નિર્ગ-૧,૨
- દેવે મિદ્યાનના અરણ્યમાં મુસાને તૈયાર કર્યો કે તે તેના લોકને દોરવણી આપે. દેવે બળતા ઝાડવા મધ્યેથી તેને બોલાવ્યો અને મિસર પાછા ફરીને પોતાના લોકને છોડાવવાનું કહ્યું - તે માટે દેવે તેને પોતાનું ચમત્કારિક સામર્થ્ય આપ્યું. નિર્ગ૨-૪
- મુસાનો પ્રથમ ચમત્કાર પાણીનું લોહી કરવાનો હતો. મિસરના જૂઠા દેવો પર શ્રાપ. નિર્ગ૭ઃ૧૩-૨૫

***નવો કરાર :*** પોતાના લોકોને પાપથી છોડાવનાર તરીકે એક તારનાર આપ્યો.

- ઈસુના જન્મ વખતે ચમત્કારીક ઘટનાઓ બની અને તેને મારી નાખવાના પ્રયત્નો થયા. માત.૧:૧૮-૨૫ માત.૨
- ઈસુની તૈયારી અને બાપ્તિસ્મા અને દેવની વાણી કે તે મારો વ્હાલો દીકરો છે. માત. ૩:૧૩-૧૭
- ઈસુનો પ્રથમ ચમત્કાર- પાણીનો દ્રાક્ષારસ બનાવવાનો હતો. એક આશિર્વાદ. યો.૨

***આપણો પ્રત્યુત્તર :*** પાપની માફી માટે આપણા તારનાર પ્રભુ ઈસુ ખ્રિસ્ત પર વિશ્વાસ કરીએ અને દેવથી આશીષ પામીએ. યો. ૩:૧૬

**પાસ્ખાનું હલવાન** (સંબંધિત-યુખારીસ્ટ, સંગત, હલવાનનું રક્ત, બલિદાન)

***જૂનો કરાર :*** દેવે ઈસ્ત્રાએલપુત્રો માટે વર્ષમાં એક વખત બેખમીર રોટલીનું પર્વ-પાસ્ખાપર્વ ઠરાવ્યું નિર્ગ.૧૨

- તે એટલા માટે કે આવનાર પેઢીઓ સુધી તેના લોક યાદ રાખે કે તેણે તેમને મિસરની ગુલામીમાંથી છોડાવ્યા.
- મરણના દૂતે જે ઘરોની બારસાખો ઉપર લોહી હતું તેવા દેવનું વિશ્વાસથી માનનારા લોકોના ઘરો લોહી જોઈને છોડી દીધા.

***નવો કરાર :*** ઈસુએ પોતાના લોહીમાં કરેલ નવા કરારની યાદમાં પ્રભુની મેજ ઠરાવી. લુક-૨૨

- યુગોથી આપણે, તેણે આપણને પોતાનું લોહી વહેવડાવીને છોડાવ્યા તેની યાદમાં તે કરીએ છીએ.

***આપણો પ્રત્યુત્તર :*** આપણે આ નવા પાસ્ખા પર્વમાં ભાગ લેતી વખતે તેના શરીર અને રક્તના ભાગીદાર થઈએ છીએ.(૧ કો.૧૦:૧૬-૧૭)

**ગુલામીમાંથી છુટકારો** (સંબંધિત-ગુલામી, પુનરૂત્થાન, અમરત્વ, લાલ સમુદ્ર)

***જૂનો કરાર :*** દેવે ગુલામીમાંથી છોડાવીને ઈસ્ત્રાએલપુત્રોને લાલ સમુદ્ર મધ્યે થઈને દોર્યા. જૂના કરારનો આ ઐતિહાસિક પાયારૂપ ચમત્કાર છે. નિર્ગ ૧૨-૧૩

***નવો કરાર :*** ઈસુ આપણને પાપ અને મરણની ગુલામીમાંથી છોડાવવાને માટે પોતે મરણમાંથી સજીવન થયો. લુ.૨૪

- પ્રભુ ઈસુ આપણને અંનતજીવન આપે છે કારણકે આપણે તેના પુનરૂત્થાનની સમાનતામાં જોડાઈએ છીએ. યો.૧૧

***આપણો પ્રત્યુત્તર :*** અનંતજીવન માટે આપણે એકલા ઈસુ પર, એકલા જીવનદાતા ઉપર વિશ્વાસ કરીએ. (૧કો.૧૫)

**દેવ માન્ના અને પાણી પુરૂં પાડ્યું.** (સંબંધિત-જીવનનું પાણી, અનંતજીવન, માન્ના, અમરત્વ, જીવનની રોટલી)

***જૂનો કરાર :*** મુસાએ દેવના ચમત્કારો કરીને ઈસ્ત્રાએલપુત્રોને ખોરાક અને પાણી પૂરા પાડ્યાં.

- દેવે ખડકમાંથી પાણી આપ્યું. ગણ૨૦:૧-૨

***નવો કરાર :*** પ્રભુ ઈસુ જીવનની રોટલી આપે છે. (તેનું પોતાનું શરીર), અને જીવનનું પાણી આપે છે.(પવિત્ર-આત્મા)

- ઈસુએ પાંચ હજારને જમાડ્યાનો ચમત્કાર કર્યો. અને પછી અનંતજીવન તરીકે પોતાનું શરીર સ્વર્ગમાંથી ઉતરેલી રોટલી તરીકે ખાવાની વાત કરી. તેનાથી ઘણાં ઠોકર પામ્યા. યોહાન-૬
- ઈસુએ આપણામાં રહેવા માટે દેવના પવિત્ર આત્માની પ્રતિજ્ઞા આપી યોહાન-૭ ૩૭થી ૩૯ અને તે આત્મા આપણને દોરે પણ છે.

***આપણો પ્રત્યુત્તર :*** જગતની રોટલી નહીં પણ આકાશની સાચી રોટલી શોધો અને દેવનો આત્મા મેળવો. (માત્થી.૬:૩૧-૩૪, યોહાન૨૦:૨૧-૨૩)

**દેવે પોતાના લોકો માટે પાળક પુરા પાડ્યા** (સંબંધિત- વડીલો, યિથ્રો)

***જુનો કરાર :*** જુના કરારમાં દેવે પોતાના લોકનું પાલન કરવા માટે વડીલો પુરા પાડ્યા. નિર્ગમન ૧૮:૧૨-૨૭

***નવો કરાર :*** દેવ પોતોની મંડળી માટે વડીલો પુરા પાડે છે.

***આપણો પ્રત્યુત્તર :*** જે નવી જગ્યાઓમાં અનુભવી આગેવાનો મળવા મુશ્કેલ હોય છે. ત્યાં મંડળીના સ્થાપકો વડીલોના નામ આપે છે. તીતસ-૧:૫થી૯

- દેવની મંડળીમાં આપણી દેખભાળ કરનાર આપણાં આગેવાનોને આપણે આધીન થઈએ. હેબ્રી૧૩:૧૭

**દસ આજ્ઞાઓ** (સંબંધિત- જુનો કરાર, નવો કરાર, ઈસુની આજ્ઞાઓ, નિયમ.)

***જુનો કરાર :*** દેવે શીલા પાટો ઉપર દશ આજ્ઞાઓ કોતરી-ઈસ્ત્રાએલીઓના કાયદાનો તે પાયો છે. નિર્ગમન૧૯,૨૦,૩૧,૧૮

- દેવે નવા કરારની પ્રતિજ્ઞા આપી-એ કરારના નિયમો પથ્થરો ઉપર નહી પણ માણસના હ્રદય ઉપર કોતરેલા હશે. યર્મિયાહ ૩૧:૩૧-૩૪
- જેઓ જૂના કરારના નિયમોનું ઉલ્લંઘન કરતા તેઓને માટે મરણની સજા હતી. ગણના-૨૫:૧-૧૧

***નવો કરાર :*** ઈસુએ આપણને તેની આજ્ઞાઓ પાળવાનું કહ્યું છે. નવા કરારનું તે આપણું ધારાધોરણ છે. માત્થી.૨૮:૧૮-૨૦

- ઈસુ ખુણાનો મુખ્ય પથ્થર છે. તેની પર બાંધવા માટે તેનાં વચનની આધીનતા તે એકજ માર્ગ છે. માત્થી.૭:૨૪-૨૯
- શરૂઆતની મંડળી ઈસુની દરેક આજ્ઞાઓ તેના મુળ સ્વરૂપમાં પાળતી હતી. પ્રેરીત૨:૩૭-૪૭
- તેઓએ પસ્તાવો કર્યો, વિશ્વાસ કર્યો, અને પવિત્ર આત્મા પામ્યા. માર્ક.૧:૧૫, યોહાન ૩:૧૬, યોહાન-૨૦,૨૨

તેઓ બધા બાપ્તિસ્મા પામ્યા અને નવા બદલાયેલા જીવનની શરૂઆત કરી માત્થી.૨૮:૧૮-૨૦

તેઓ એકબીજા ઉપર પ્રેમ રાખતાં હતા, અને તેઓની સંગતમાં જેઓ આવતા હતા. તેવા જરૂરીયાતવાળાઓની કાળજી રાખતા હતા. પ્રેમમાં કોણ કોણ સમાવેશ થાય છે. દેવ, આપણો પડોશી, સાથી વિશ્વાસીઓ, જરૂરીયાતવાળા અને દુશ્મનો. (માફી) માત્થી.૨૨:૩૬-૪૦, યોહાન ૧૩:૩૪-૩૫, લુક ૧૦:૨૫-૩૭, માત્થી ૫:૪૩-૪૮

તેઓ રોટલી તોડતા (સંગત આપણી ભજન સેવા સાથે સંકળાયેલી છે) માત્થી ૨૬:૨૬-૨૮, યોહાન ૪:૨૪

તેઓ પ્રાર્થના કરતા (આમાં અંગત, અને કૌટુંબીક પ્રાર્થના, મધ્યસ્થી અને આત્મિક યુધ્ધનો સમાવેશ થાય છે.) યોહાન.૧૬-૨૪. તેઓ ઉદરતાથી આપતા (આમાં આપણા સમય, પૈસા, અને આપણી આવડતો ને કારભાર કરવો તેનો સમાવેશ થાય છે.) લુક ૬:૩૮

તેઓ શિષ્ય બનાવતા (આમાં ખ્રિસ્ત માટે સાક્ષી આપવી, ટોળાઓનું પાલન કરવું, વચનનું શિક્ષણ આપવું, આગેવાનો તૈયાર કરવા અને મિશનેરીઓ મોકલવા-તે બાબતોનો સમાવેશ થાય છે. માત. ૨૮:૧૮-૨૦

ઈસુની મુખ્ય આજ્ઞા દેવ અને માણસો પર પ્રીતી રાખવી તેમાં જૂના કરારની બધી આજ્ઞાઓનો સમાવેશ થઈ જાય છે. માત. ૨૨:૩૩-૪૦

ઈસુએ ફરોશીઓને ધમકાવ્યા કારણકે તેઓ દેવની આજ્ઞાઓનો અનાદર કરતા અને માણસોની આજ્ઞાઓ જબરજસ્તીથી ઠોકી બેસાડતા હતા. માર્ક૭:૧-૨૩, માત.૨૩

***આપણો પ્રત્યુત્તર :*** આપણને પવિત્રઆત્મા દોરે છે એ અને તે આપણામાં પવિત્રતાના ફળો ઉપજાવે છે (રૂ ૮:૩-૧૬, ગલા.૫:૧૪-૨૬)

- આપણે મરણના જૂના કરારની રૂઢિચુસ્તતા છોડી દઈને નવા કરારના જીવન અને છુટકારાને વળગી પડીએ (૨ કો.૩:૩-૧૮)
- પવિત્ર આત્માને આપણા પાપ વિષે ખાતરી કરાવવા દો. (યો.૧૬:૫-૧૫)

**સાબ્બાથનો વિશ્રામ** (સંબંધિત- ક્રિયાકાંડો, નિયમ)

***જુનો કરાર :*** દેવના જુના કરારમાં વિશ્રામ અને ભજન માટે ખાસ દિવસ હતો.

- દેવે સૃષ્ટિનું સર્જન કર્યા પછી વિશ્રામ કર્યો તે ઉપરથી દેવે સાતમાં દિવસને અલગ ઠરાવ્યો. નિર્ગમન૨૦:૮-૧૧
- સાબ્બાથના દિવસે બળતણના લાકડા શોધનાર માણસને મારી નાખવાની દેવે આજ્ઞા આપી. ગણના ૧૫:૩૦-૩૬

***નવો કરાર :*** દેવના નવા કરારમાં ભજનનો ખાસ દિવસ છે.

- જે દિવસે ઈસુનું પુનરૂત્થાન થયું તેને ધ્યાનમાં રાખીને વિશ્વાસીઓ અઠવાડીયાના પહેલા દિવસે ભજન માટે એકઠા મળતા. આ વિશ્રામવાર ભવિષ્યની નવી અને અનંતકાળની ઉત્પત્તિ છે. પ્રેરીત ૨૦:૭
- ઈસુએ નવા કરારની જાહેરાત કરી લુક ૨૨:૧૩-૨૦

***આપણો પ્રત્યુત્તર :*** આપણે નવા કરારનું અનુસરણ કરીએ છીએ તે આપણને મરણનો નિયમ જે આપણે પાળી શકતા નહતા તેનાથી છુટકારો આપે છે. ૨ કો. ૩:૬-૯

- આપણે જુના કરારના કર્મકાંડોને તજી દીધા છે. જેમાં સુન્નત અને ખાસ દિવસો પાળવા જરૂરી હતા. (ગલાતી ૪:૮-૧૦, ગલાતી૫:૫-૧૪)
- આપણે કોઈપણ દિવસે ભજન કરી શકીએ છીએ રૂમી ૧૪:૧-૧૮

**મૂર્તિપૂજાની સજા** સંબંધિત- સોનાનો વાછરડો, લોભ)

***જુનો કરાર :*** જેઓએ સોનાના વાછરડાની પૂજા કરી તેઓને દેવે શિક્ષા કરી.નિર્ગમન -૩૨

***નવો કરાર :*** આ યુગના અંતમાં દેવ જેઓએ મૂર્તિપૂજા કરી છે તેમને ભારે મરકી દ્વારા સજા કરશે. પ્રક-૯

***આપણો પ્રત્યુત્તર :*** ગમે તે પ્રકાની મૂર્તિપૂજાથી નાસી જાવ. તેમાં લોભનો પણ સમાવોશ થાય છે. ૧ કો.૧૦:૧૪, કોલો૩:૫

**અનાજ્ઞાકિંત ઈસ્ત્રાએલીઓ ચાળીસ વર્ષ સુધી અરણ્યમાં ભટકતા ફર્યા** (સંબંધિત-અનાજ્ઞાંકિતતા, વચનનો દેશ, અગ્રીપા)

***જૂનો કરાર :*** દેવે વચનના દેશનો આશીર્વાદ ઈસ્ત્રાએલપુત્રોને આપવા ઈચ્છે છે તેમ જણાવ્યું પણ અવિશ્વાસને કારણે તેઓ તેમાં પ્રવેશી શક્યા નહિ.

- બાર જાસુસોએ દેશની તપાસ કરી પણ લોકોએ તે દેશ પોતાને મળી શકે તે બાબતે શંકા કરી અને ચાળીસ વર્ષ અરણ્યમાં ભટકતા ફર્યા ગણ.૧૩-૧૪

***નવો કરાર :*** પાઉલ પ્રેરિત તારણનો સંદેશો અગ્રીપા રાજાને કહી સંભળાવે છે પણ તે વિશ્વાસ કરવાનો નકાર કરે છે. પ્ર.૨૬

**આપણો પ્રત્યત્તર :** પ્રભુ મળે છે એટલામાં આપણે તેને શોધીએ. યશા.૫૫:૬-૭

**મુલાકાત મંડપ** (સંબંધિત-મુલાકાતમંડપ, પવિત્રસ્થઆન, યાજક પદ, પ્રમુખયાજક, ઈસુ આપણો પ્રમુખયાજક)

***જૂનો કરાર :*** દેવે મુસાને મુલાકાત મંડપ બનાવવાની આજ્ઞા કરી કે જ્યાં પવિત્રસ્થઆનમાં તે પોતાના લોકોને મળી શકે.

- આ મુલાકાતમંડપ બનાવવા વિષેની કડક સુચનાઓ તેમજ પ્રમુખ યાજકના વસ્ત્રોબાબતની ચીવટાઈ ભરેલી સૂચનાઓ પ્રભુ એ આપી. નિર્ગ-૨૫:૩૧, નિર્ગ૩૫:૪૦
- લેવીયનું પુસ્તક બલિદાનો અને યાજકની સેવાઓ બાબતે લખાયું છે.
- મુલાકાતમંડપના ત્રણ ભાગ હતા જેમાં ખાસ બાબતો હતી તે નીચે પ્રમાણે છે - નિર્ગ-૪૦

૧) ભજન કરનારાઓ માટે આંગણુ - તેમાં દહનીયાર્પણ માટે યજ્ઞવેદી અને યાજકોને શુધ્ધ થવા માટે પાણીનો હોજ હતા. (નિર્ગ-૩૮) યજ્ઞવેદી પ્રભુ ઈસુનો વધસ્તંભ સૂચવે છે. જે ઉપર પ્રભુ ઈસુએ બલીદાન આપીને આપણે માટે અનંત તારણ મેળવ્યું છે અને પશુઓના બલિદાનની હવે જરૂર રહી નથી. (.૯,૧૦) પાણીનો હોજ બાપ્તિસ્મા સાથે સરખાવી શકાય જે દ્વારા વિશ્વાસીઓ શુધ્ધ થઈને નવા કરારના યાજકો બને છે.

૨) ફક્ત યાજકો માટે પવિત્રસ્થાન-તેમાં રોટલીઓની મેજ હતી (જે પ્રભુની મેજ સાથે સરખાવી શકાય) એક સોનાની દીવી જે તેલ વડે કાયમ સળગતી રહે (પવિત્ર આત્માનું ચિન્હ) અને ધૂપવેદી (પ્રાર્થનાનું પ્રતીક ) હતી.

૩) પરમપવિત્રસ્થાન- કેવળ પ્રમુખ યાજક વર્ષમાં એક વાર તેમાં પ્રવેશી શકે. એક મોટો લાલ પડદો જે ખ્રિસ્તના શરીરનું પ્રતીક છે તે તેને જુદું પાડતો હતો. તેની અંદર ખૂબજ પવિત્ર કરારનો કોષ,જે આખો સોનાથી મઢેલો અને ઉપર કરૂબોનું ઢાંકણ(પવિત્રદૂતો) હતુ. દેવનો દૃશ્ય મહિમા તેના ઉપર રહેતો હતો. તે દ્વારા દેવની હાજરી પોતાના લોક મધ્યે રહેતી હતી. આ પણ પ્રભુ ઈસુના પ્રતીકરૂપ બાબત હતી.

- લોકો પોતાના પાપના કામચલાઉ પ્રાયશ્ચિતરૂપે પશુઓનું અર્પણ ચઢાવતા હતા. મુલાકાત મંડપના આંગણામાં રહેલી યજ્ઞવેદી ઉપર તે અર્પણો ચઢાવતા હતા. નિર્ગ૨૯:૩૬-૪૧
- પ્રમુખયાજકના પુત્રોએ પારકો અગ્નિ, લોહી વગર પરમ પવિત્રસ્થાનમાં ચઢાવ્યો અને દેવે તેમને મારી નાખ્યાં લેવી-૧૦
- સુલેમાન રાજાએ સદીઓ પછી આ ગંજાવર અને એક સ્થળેથી બીજા સ્થળે લઈ જઈ શકાય તેવા મુલાકાતમંડપને કાઢી નાખીને ભવ્ય મંદિર બાંધ્યું. ૧રા.૫-૬

***નવો કરાર :*** પ્રભુ ઈસુએ મરણ,પુનરૂત્થાન અને આકાશમાં ચઢી જવા દ્વારા આકાશી મંડપમાં આપણા પ્રમુખ યાજક તરીકે પ્રવેશ કર્યો છે.

- પ્રભુ ઈસુ માણસ બન્યા, પરીક્ષણો અને દુઃખો સહ્યાં અને આપણા સંપૂર્ણ મહા યાજક બન્યા. હે ૨:૧૪-૧૮
- પ્રભુ ઈસુ સદાકાળ જીવતા છે જૂના મહાયાજક કે અર્પણો કે સેવાઓની હવે જરૂર નથી. હેબ્રી ૭:૯

***આપણો પ્રત્યુત્તર :*** દેવની પાસે પૂરા ભરોસા સાથે આવો અને બીજા વિશ્વાસીઓને ઉત્તેજન આપો. હેબ્રી-૧૦

**સૌથી મોટી આજ્ઞા - એક સાચા દેવ પર પ્રેમ રાખો** (સંબંધિત-બાળકો, લગ્ન)

***જૂનો કરાર :*** દેવ એક છે - આપણે આપણા પૂરા હૃદયથી તેને પ્રેમ કરવો જોઈએ અને આપણા બાળકોને તેના નિયમો પાળવા શિખવવું જોઈએ. પુન૬:૧-૯

***નવો કરાર :*** ઈસુએ લગ્ન બાબતે માર્ગદર્શન આપ્યું અને બાળકોને આશિર્વાદ આપ્યો. માત્થી ૫:૩૧-૩૨, માર્ક ૧૯:૧૩-૧૫

***આપણો પ્રત્યુત્તર :*** પતિઓએ પોતાની પત્નીઓ પર પ્રેમ રાખવો અને પત્નીઓએ પતિઓને આધિન રહેવું (એફે૫:૨૧-૩૩)

- પાઉલ બાળકોને પોતાના પિતાઓને આધિન રહેવાની શીખ આપે છે. અને પિતાઓને પોતાના બાળકોને વિશ્વાસમાં ઉછેરવાની આજ્ઞા આપે છે. એફે૬:૧-૪

**ભૂતવિદ્યાનો નિષેધ** (સંબંધિત-આત્માઓ, મેલીવિદ્યા, પ્રભુ ઈસુ અશુધ્ધ આત્માઓ પર જય પામે છે. ભૂતો, શેતાનનો નાશ.)

***જૂનો કરાર :*** દેવે મુસાને આજ્ઞા આપી કે ભૂત વિદ્યાની મના કરવી અને આત્માઓકે મૂએલાઓને બોલાવવાની મના કરવી. પુન૧૮:૯-૧૨

- શાઉલ રાજાએ યુધ્ધ બાબતે એન દોરની ભૂતવિદ્યા જાણનાર સ્ત્રીની સલાહ લીધી અને દેવે તેના રાજ્યનો અંત લાવી દીધો. ૧ શમૂ.૨૮:૬-૨૫,૧ શમૂ-૩૧

***નવો કરાર :*** પ્રભુ ઈસુએ દરેક અશુધ્ધ આત્માઓ અને શેતાન પર વિજય મેળવ્યો છે.

- ઈસુએ ગાડરેનેના માણસમાંથી ઘણાં અશુધ્ધ આત્માઓ કાઢ્યા અને તેઓ ભૂંડોમાં પેઠા. બીજા પણ ઘણાઓમાંથી અશુધ્ધઆત્માઓ કાઢ્યા. માત.૮:૨૮-૩૪, માત૧૨:૨૨-૩૨
- છેલ્લા દિવસોમાંપ્રભુ ઈસુ શેતાન અને તેના રાજ્યનો સદાને માટે નાશ કરશે. પ્રક.૧૨, પ્રક૨૦:૧-૧૦

***આપણો પ્રત્યુત્તર :*** મેલીવિદ્યાનો ધિક્કાર કરો અને ભૂતવળગેલા માણસ માટે ઈસુના નામમાં પ્રાર્થના કરો. (ગલા ૫:૧૯-૨૧,લુક૧૦:૯)

**અગ્નિ દ્વારા પારખ** (સંબંધિત- આકાશમાં ખજાનો, સ્વર્ગ)

***જૂનો કરાર :*** દેવે પોતાના પવિત્ર તંબુમાં લડાઈની અપવિત્ર લૂંટની મના ફરમાવી. પણ ઝવેરાત અને કિંમતી ધાતુઓ અગ્નિમાં પરખવી. ગણ.૩૧

***નવો કરાર :*** આપણે સ્વર્ગમાં બળી જાય તેવી વસ્તુ. આપણી  સાથે નથી લઈ જઈ શક્તા. આપણા કામ અગ્નિથી પરખાશે. ૧કો.૩:૧૦-૧૫

- મૂર્ખ ધનવાનના દૃષ્ટાંતમાં ઈસુએ લોભ સામે અને ધનસંપત્તિને વળગી રહેવા સામે ચેતવણી આપી. લુક૧૨:૧૪-૩૧

***આપણો પ્રત્યુત્તર :*** પૃથ્વી પર ધન એકઠું કરવા કરતા આકાશમાં ધન એકઠું કરો. માત. ૬:૧૯-૨૧

**બલઆમનો અનિચ્છિત આશિર્વાદ** (સંબંધિત-બલઆમ,લોભ,ભૌતિકતા, ધનસંપત્તિ.)

***જૂનો કરાર :*** કેટલાક પોતાના ધનનો ઉપયોગ દેવની સેવા માટે કરે છે. બીજાઓ તે ખોટી રીતે પ્રાપ્ત કરે છે અથવા સ્વાર્થી હેતુ માટે વાપરે છે.

- બાલાકે બલઆમને ઈસ્ત્રાએલપુત્રોને શ્રાપ દેવા માટે વળતર આપ્યું. દેવે એક ગધેડી તેમજ અન્ય માર્ગો દ્વારા એવું કર્યું કે બલઆમે ઈસ્ત્રાએલપુત્રોને આશીર્વાદ જ આપ્યો. ગણ૨૨:૨૪
- ધનવાન નાબાલે સ્વાર્થીપણે દાઉદના ચાકરોને ખોરાક આપવાની ના પાડી પણ દેવે સંજોગો બદલી નાખ્યાં. ૧ શમૂ.૨૫
- હિઝકીયા રાજાએ રાજ્યનો ખજાનો બાબેલના એલચીઓને બતાવી દીધો અને છેલ્લે ગુમાવવાનો વારો આવ્યો. ૨ રા.૨૦:૧૨-૧૯
- સુલેમાન રાજા પુષ્કળ ધનવાન હતો, ઘણી સ્ત્રીઓ હતી, અને ખૂબ મોજશોખ તેણે કર્યા પણ આખરે તે ખાલી થઈ ગયો.સભા૨:૧-૧૧

***નવો કરાર :*** સ્વાર્થી ધનવાન માણસ કે જે હાડેસમાં સભાન સ્થિતિમાં છે તેનું દૃષ્ટાંત આપીને ઈસુએ ધનકુબેર થવાની લાલસા સામે ચેતવણી આપી. લુક૧૬;૧૯-૩૧

***આપણો પ્રત્યુત્તર :*** વિશ્વાસીઓ પાસે સંપત્તિ હોય કે તેની લાલસા રાખે તેણે દેવની ચેતવણી પર ધ્યાન આપવું કે તે દુઃખ ઉત્પન્ન કરે છે. (યાકૂ૫ઃ૧-૬)

## ન્યાયાધીશોના સમયની ઘટનાઓ પાછળની તેવી જ ઘટનાઓ

**યહોશુઆ વચનની ભૂમિને જીતે છે** (સંબંધિત-યુધ્ધ, મંડળી બાંધવી, મિશનેરીઓ)

***જૂનો કરાર :*** યહોશુઆ દેવને માટે વિજયો પામ્યો. અને યુધ્ધમાં વિદેશી દેશોને હરાવ્યા કે જેઓ વચનના દેશમાં કબજો જમાવી બેઠા હતા.

- દેવે યહોશુઆને હિમ્મતવાન થવાની અને વચનના દેશમાંથી મૂર્તિપૂજક જાતિઓને હાંકી કાઢવાની આજ્ઞા આપી. યહો.૧ઃ૧-૧૧
- વિદેશીઓના શહેર યરેખોનું પતન યહોશુઆ ૬
- દેવે યહોશુઆના સૈન્યને થોડાક સમય માટે હારવા દીધું તેનું કારણ દગાખોરની મૂર્તિપૂજા હતી. યહો.૭-૮
- યહોશુઆએ કેટલાક મજબુત રાજાઓનો સંહાર કર્યો અને વચનના દેશનો કબજો લીધો. યહો.૯-૧૧

***નવો કરાર :*** પ્રેરિતોએ દેવને માટે જીત મેળવી, શેતાનને હાર આપી અને જગતના મૂર્તિપૂજક દેશોમાં સુવાર્તા લઈ ગયા.

- અંત્યોખની મંડળીએ પ્રભુને સોંપાઈ જઈને લાંબાં અંતર માટેના મિશનેરીઓ મોકલ્યા. પ્રે.૧૩ઃ૧-૩
- પાઉલ અને બાર્નાબાસ લાંબી મિશનેરી મુસાફરીએ દૂર દૂરના દેશો અને જુદી જુદી સંસ્કૃતિઓમાં ગયા. પ્રે.૧૩-૧૪,પ્રે૧૬-૨૧
- પાઉલે યહુદી આગેવાનો આગળ ઈસુને પ્રગટ કર્યો. તેમજ ગવર્નર ફેસ્તસ અને અગ્રીપા રાજા આગળ બંદિખાનાના ભય છતાં સુવાર્તા પ્રગટ કરી. પ્રે૨૦-૨૬

***આપણો પ્રત્યુત્તર :*** તમારા ટોળાને દેવ જે પ્રેરિતો આપે છે તેમને વિરોધી પ્રદેશોમાં મોકલો. એફ.૪ઃ૧૧-૧૨, પ્રે.૧ઃ૮

- આજના પ્રેરિતો શેતાનને સતત પીછેહેઠ કરાવે છે. અને દેવનું રાજય જગત આખામાં પ્રસરી રહ્યું છે. પ્રકટી૧૫ઃ૪
- દેવના શત્રુનો હિંમતથી સામનો કરો. જે કંઈ તેને કારણે સહન કરવું પડે તે કરો. માત.૧૦ઃ૧૬-૪૨

**ઈસ્ત્રાએલના દેવ દ્વારા વિદેશીઓને આશિષ** (સંબંધિત-રાહાબ, દેવના વચનના દેશમાં વિદેશીઓ મેળવાયા, મંડળી બધા દેશોની બનેલી છે.)

***જૂનો કરાર :*** જૂના કરારમાં દેવના લોકમાં વિશ્વાસુ વિદેશી વ્યક્તિઓને દેવે ઉમેરાવા દીધી છે.

- કનાનની વેશ્યા સ્ત્રી રાહાબે દેવના જાસુસોને વિશ્વાસથી સંતાડ્યા તેથી જ્યારે યેરેખો શહેર પડયું ત્યારે તેનો દેવે બચાવ કર્યો. યહો.૨, યહો૬ઃ૧૭
- મોઆબી વિધવા રૂથ તેની સાસુ નાઓમી પરના પ્રેમને કારણે ઈસ્ત્રાએલ દેશમાં રહેવા માટે આવી અને દેવ પર વિશ્વાસ કર્યો. રૂથ અને રાહાબ બંનેના નામ ખ્રિસ્તની વંશાવળીમાં સામેલ કરવામાં આવ્યા છે. રૂથ દાઉદ રાજાની પર દાદી હતી. રૂથની વાર્તા એ સુંદર પ્રેમકહાણી છે.
- અરામનો સેનાપતિ નાઅમાને તેના મન સાથે ઘણી લડાઈ કર્યા પછી યર્દન નદીમાં ડુબકીઓ મારી અને દેવે તેને કોઢથી શુધ્ધ કર્યો. ૨ રા.૫

***નવો કરાર :*** ઈસુની મંડળીમાં બધા દેશો છે.

- એક સિદોનની સ્ત્રીના વિશ્વાસની પારખ કર્યા પછી પ્રભુ ઈસુએ તેને પ્રતિફળ આપ્યું માત.૧૫ઃ૨૧-૨૮

- એક રોમન લશ્કરી અમલદારના વિશ્વાસને કારણે પ્રભુ ઈસુએ તેના ચાકરને સાજો કર્યો. લુ.૭:૧-૧૦
- પાઉલ પ્રેરિતે ઘણા દેશોમાં મિશનેરી સફર ખેડી. પ્રે.૧૩-૧૪, પ્રે. ૧૭-૨૦

***આપણો પ્રત્યુત્તર :*** પ્રભુ ઈસુએ આપણને આજ્ઞા આપી છે કે જઈને સર્વ દેશનાઓને શિષ્ય કરો. લુ.૨૪:૪૬-૪૮ માત.૨૮:૧૮-૨૦

**ગિદીઓનની નિર્બળતામાં સામર્થ્ય** (સંબંધિત- ગિદીઓન, દાઉદ ગોલીયાથને મારે છે, પીતરનો નકાર, આત્મિક યુધ્ધશસ્ત્રો.)

***જૂનો કરાર :*** દેવે જૂના કરારમાં પરાક્રમીઓને પરાજીત કરવા માટે નિર્બળ માણસોનો ઉપયોગ કર્યો છે.

- ગિદીઓન ૩૦૦ સૈનિકો સાથે દેવના આશ્ચર્યકારક સૂચનોને આધિન થયો અને બહુ જ મોટા લશ્કરનો તેણે પરાજય કયો. ન્યા.૬-૭
- એક ઘેટા સાચવનાર છોકરા દાઉદે રાક્ષસનો પરાજય કર્યો ૧ શમૂ.૧૭

***નવો કરાર :*** નવા કરારમાં દેવે મોટા કામો કરવા માટે નિર્બળ અને નાચીજ લોકોનો ઉપયોગ કર્યો છે.

- પીતરે ઈસુનો નકાર કર્યો પણ દેવે તેને પવિત્ર આત્મા મળ્યા પછી તેનો ઉપયોગ ખૂબ સામર્થ્ય સાથે કર્યો. માત.૨૬:૩૧-૩૫,૬૯-૭૫

***આપણો પ્રત્યુત્તર :*** આપણા પાપ અને નિર્બળતા દેવ આગળ કબૂલ કરો.

- માણસના જ્ઞાન અને વૈભવ કરતા દેવના પરાક્રમમાં વિશ્વાસ કરો. ૧ કો.૧-૨
- દેવની શક્તિ માટે પ્રાર્થના કરો જેમ પાઉલે કહ્યું, પ્રભુ ખ્રિસ્તના સામર્થ્ય વડે હું ગમે તે કરી શકું છું. ફિ.૪:૧૩
- દેવ જે આત્મિક શસ્ત્રો અને પૂરવઠો પૂરો પાડે છે તે દ્વારા આત્મિક યુધ્ધ છેડો. એફે.૬:૧૦-૧૮

**રૂથ** (સંબંધિત-સ્ત્રી આગેવાનો, સન્માનિત સ્ત્રી)

***જૂનો કરાર :*** દેવે પોતાના કાર્યને સારૂ રૂથ,દબોરાહ અને એસ્તર જેવી વિશ્વાસુ સ્ત્રીઓને શક્તિમાન કરી.

- ઈસ્ત્રાએલના છુટકારાને માટે દબોરાહે હિંમતભરી લડાઈની આગેવાની કરી. ન્યા.૪-૫, રૂથ અને એસ્તર પણ વાંચો.

***નવો કરાર :*** નવા કરારમાં દેવે વિશ્વાસુ સ્ત્રીઓને પોતાના કામને માટે શક્તિમાન કરી.

- મરિયમ ઈશ્વરની દાસી બનવા તૈયાર થઈ અને તેણે મહિમાવંત સ્તુતિ અને પ્રાર્થના ગાઈ. લુક ૧:૨૨-૫૬
- પ્રિસ્કીલા તેના પતિ સાથે તંબુ વણતી હતી અને આ રીતે કેટલીક મંડળીઓ શરૂ કરવામાં તે મદદરૂપ થઈ. તેણે એપોલસની ભૂલ પણ સુધારી. પ્રે-૧૮
- દરકાસ ગરીબો માટે કપડાં બનાવતી હતી. પ્રે૯:૩૬-૪૩

***આપણો પ્રત્યુત્તર :***

- સ્ત્રીઓને માન અને ઈજ્જત આપો અને વિશ્વાસની ચારિત્રશીલ સ્ત્રીઓને પ્રોત્સાહન આપો. (નીતિ ૩૧:૧૦-૩૧, એફે. ૫:૨૧-૩૩)
- ખ્રિસ્તી સ્ત્રીઓને પ્રભુએ જે સેવાના દાન આપ્યા હોય તે સેવા કરવા માટે તેમને ઉત્તેજન આપો. (દા.ત.- ફિલીપની દીકરીઓ, પ્રે૨૧:૮-૯)

**સૌથી પવિત્ર કરારકોશ પલિસ્તીઓના દેશમાં** (સંબંધિત- સજા, દુ:ખો, કરારનો કોષ, સ્તેફન, સતાવણી, શહિદો)

***જૂનો કરાર :*** દેવે તેના ભૂલ કરતા લોકોને શિક્ષા કરવા માટે ભૂંડા લોકોને રજા આપી છે. અને પોતાના ન્યાયી લોકોને પોતાના સારા કામોને કારણે પણ ભૂંડા લોકો દ્વારા દુ:ખ સહન કરવું પડયું છે.

- ન્યાયાધીશોનું પુસ્તક બતાવે છે કે જ્યારે દેવના લોકો મૂર્તિપૂજા અને અન્ય પાપમાં પડ્યા ત્યારે દેવે વિદેશી લોકોને તેમના પર જુલમ કરવા દીધો. જ્યારે તેઓએ પસ્તાવો કર્યો ત્યારે દેવે એક છોડાવનાર તેમને આપ્યો અને તેઓને શાંતિનો સમયગાળો મળ્યો અને એમ આ ચક્ર ચાલ્યા કર્યું.
- શામશૂનનું નૈતિક રીતે નબળુ ચારિત્ર હોવા છતાં દેવે તેનાં ઉપયોગ મૂર્તિપૂજક પલિસ્તિઓથી ઈસ્ત્રાએલના છુટકારા માટે કર્યો. ન્યા.૧૪-૧૬
- પલિસ્તિઓ દેવનો કરારકોશ ઉપાડી ગયા અને તેમના મત્સ્ય દેવ દાગોનના મંદિરમા તેને મૂક્યો. પણ ત્રીજે દિવસે દાગોનનું માથું તૂટી ગયું. તેવી જ રીતે ઈસુ ઘરડા સર્પના શરૂઆતના કબજાના પ્રદેશ એટલે મૃત્યુછાયાનો પ્રદેશ તેમાં પ્રભુ પ્રવેશ્યો, શેતાનનું માથું છુંદ્યું, બંદિવાનોને મુક્ત કર્યા અને ત્રીજે દહાડે પાછો ઉઠ્યો. ગાયો કોઈ માણસના ચલાવ્યા સિવાય કરારકોશ ઈસ્ત્રાએલમાં પાછો લાવી તે જ રીતે વિજયી ઈસુ તેના પાછા ઉઠ્યા પછી તેના શિષ્યોને દેખાયો અને આકાશમાં ચઢી ગયો. ૧ શમૂ ૪-૬
- અયૂબ ન્યાયી માણસ હતો પણ તેણે બહુ જ દુઃખ સહન કર્યું. તેણે દેવને પ્રશ્નો પૂછયા પણ કદી દેવની વિરૂધ્ધ ગયો નહી. અયૂ. ૧-૪૨ (આ ખૂબ લાંબી વાર્તા છે. તેને ટૂંકાણમાં, ભાગો પાડીને શીખવવી જોઈએ. મુખ્ય ચાવીરૂપ અધ્યાયો ૧-૪ અને ૪૦-૪૨ છે.)

***નવો કરાર :*** દેવ અત્યારમાં આપણને દુઃખો સહન કરવા દે છે જેથી પાછળથી આપણે તેના ગૌરવના ભાગીદાર થઈએ. જેઓ દેવના લોક ઉપર જુલમ કરે છે તેમને દેવ શિક્ષા કરે છે.

- હેરોદ રાજાએ યોહાનનો શિરચ્છેદ કરાવ્યો તેમજ યાકૂબ અને અન્યને મારી નાખ્યા પણ પાછળથી તે કીડાઓ દ્વારા ખવાઈ ગયો.
- ન માનનારા યહુદીઓએ યરૂશાલેમમાં સ્તેફનને પથ્થરે મારી નાખ્યો અને બીજા ખ્રિસ્તીઓની સતાવણી કરી અને તેથી ખ્રિસ્તીઓ આસપાસના ઘણા પ્રદેશોમાં વિખેરાઈ ગયા અને તે પ્રદેશો માટે આશીર્વાદરૂપ સુવાર્તાનો ફેલાવો બધે થયો. પ્રે૭-૮
- પાઉલ પ્રેરિતને યહુદીઓ દ્વારા મારવામાં આવ્યો, પથ્થરે મારવામાં આવ્યો, તેને લૂંટવામાં આવ્યો અને તેનું વહાણ પણ એકવાર ભાંગી ગયું. ૨ કો.૧૧:૨૨-૩૩ પ્રે ૨૭-૨૮

***આપણો પ્રત્યુત્તર :*** આપણી સતાવણી કરવામાં આવે ત્યારે આપણે આનંદ પામીએ કારણકે ઈશ્વરના મહિમામાં આપણો બદલો ઘણો મોટો હશે. (૧ પી. ૪:૧૨-૧૯)

- આપણે આ જગતમાં દુઃખ સહન કરીએ છીએ કારણકે જગતે ખ્રિસ્તનો ધિક્કાર કર્યો છે અને આપણો કરે છે. પણ આપણને પ્રતિફળ મળવાનું છે. (યો.૧૫:૧૮-૨૭, રૂ ૮:૧૭-૩૯)
- ઈસુ જે વધસ્તંભ આપે છે તે ઉંચકો (લુક ૯:૨૨-૨૬)

# ઈસ્ત્રાએલના રાજાઓના સમયની ઘટનાઓ તેવી જ પાછળની ઘટનાઓ

## દેવે ઈસ્ત્રાએલના આગેવાનોને તૈયાર કર્યા

***જૂનો કરાર :*** દેવે તેના પ્રબોધકો અને આગેવાનોને તૈયાર કર્યા જેવા કે યુસફ, મુસા અને દાનિએલને અલગ અલગ રીતે.

- મુસાએ પોતાના લોકની સેવા કરવા માટે મિસરના દ્રવ્યભંડારનો ત્યાગ કર્યો અને શરમને સહન કરી. (હે.૧૧:૨૪-૨૮)
- હાન્નાએ પોતાના દીકરાને દેવની સેવા માટે મુખ્ય યાજક એલીને સોંપ્યો. શમૂએલે એલી બાબતનો આઘાતજનક સંદેશો દેવ પાસેથી મેળવ્યો. ૧ શમૂ ૧-૩
- ઈસ્ત્રાએલીઓએ શમૂએલ પાસે માંગણી કરી કે તે તેમને અભિષિક્ત રાજા આપે કે જે તેઓની આગેવાની

કરે. શમૂએલે તેમને ચેતવ્યા કે તેમ કરવાથી શું થશે પણ તેઓ ના માન્યા માટે શમૂએલે બળવાન યુધ્ધપુરુષ શાઉલનો અભિષેક કર્યો. જેથી લોકો ખૂબ ખુશ થયા. ૧ શમૂ.૮-૧૦

- શાઉલે સારૂ રાજ કર્યું. ઈસ્ત્રાએલના ઘણા શત્રુઓને તેણે હરાવ્યા પણ પછી તેણે ગંભીર ભૂલો કરી. ૧ શમૂ.૧૧-૧૫
- દાઉદ,મૂસાની માફક પોતાના બાપ યિશાઈના ઘેટાં નાનપણથી ચરાવીને સારા પાળક બનવાનું શિખ્યો. ૧ શમૂ.૧૭:૩૩-૩૭
- દાઉદ મજબૂત લડવૈયો બન્યો તેથી શાઉલને અદેખાઈ આવી અને તેણે તેને ભાગતો અને છુપાતો કરી દીધો. આ દ્વારા દેવે દાઉદને તેના પર વિશ્વાસ મૂકવાનું શિખવ્યું. (જે તેના ઘણાં ગીતમાં જોવા મળે છે.)૧ શમૂ.૧૮-૩૧ આ અધ્યાયોમાં ઘણી યુધ્ધકથાઓ છે.
- યશાયાહે દેવના મંદરમાં દેવની હાજરીનું ભયપ્રદ દર્શન જોયું અને પોતાની પાપી સ્થિતિ જોઈને તે ભાંગી પડ્યો. યશા.૬
- યિર્મેયાહે યરૂશાલેમના પતન બાબતે ભવિષ્યવાણી કહી ત્યારે તેને ઘણાં દુઃખો સહન કરવા પડ્યા અને તેને કાદવના ખાડામાં પણ નાખી દેવામાં આવ્યો. યિર્મે.૩૮

***નવો કરાર :*** નવા કરારમાં દેવે પોતાના આગેવાનોને તૈયાર કર્યા છે.

- પીત્તર અને બીજા ૧૧ મૂળ પ્રેરિતોએ પોતાના ગુરૂ ઈસુની સાથે ત્રણ વરસ ગાળ્યા માર્ક-૩:૧૩-૧૯
- પાઉલ પ્રેરિતે ઘણી બાબતનું દુઃખ વેઠ્યું અને તેના પ્રેરીત તરીકેનું કામ શરૂ કરતા પહેલા અરેબીયામાં કેટલોક સમય ગાળ્યો ગલાતી.૧:૧૧-૨૪

***આપણો પ્રત્યુત્તર :*** પ્રભુની સેવા કરવા આપણે ઘણુ ત્યાગીને અને બલીદાનો કરીને સારી રીતે તૈયાર થઈએ.

- આ તૈયારીમાં દેવના વચનના અભ્યાસનો સમાવેશ થાય છે. જે પ્રમાણે તમે હમણાં કરી રહ્યાં છો. તમારા કુટુંબને, તમારા લોકને અને નવા આગેવાનોને પણ તે શીખવવું. ૨ તીમોથી ૨ :૨

**ઈસ્ત્રાએલના સારા રાજાઓ** (સંબંધિત- દાઉદનું સારું રાજ્ય, સુલામાનની આધીનતા, શેબાની રાણી, ઈસ્ત્રાએલના સારા રાજા, વડીલો)

***જુનો કરાર :*** જયારે ઈસ્ત્રાએલપુત્રો મૂર્તિઓથી ફર્યા અને તેને આધીન થયા. ત્યારે દેવે તેમને સારા આગેવાનો જેવા કે દાઉદ અને તેનો દીકરો સુલેમાન તેના રાજા તરીકે આપ્યા. જયારે તેમણે મૂર્તિપૂજા કરી, ત્યારે ક્રૂરતાથી રાજ કરનારા ખરાબ રાજાઓ આપ્યા. મોટા ભાગના રાજાઓ ખરાબ હતા.

- સુલેમાને તેનું રાજ દેવ પાસેથી જ્ઞાન માંગીને શરૂ કર્યું. તેના જ્ઞાની નિર્ણયો સાંભળવા લોકો દુર દુરથી આવતા હતા. ૧ રાજા ૩ અધ્યાય આખો, ૧ રાજા ૪:૨૧-૩૪
- સુલેમાન દેવનું મંદિર બાંધ્યું અને દેવનો કોષ, મોટા ભપકા અને વિધિ સાથે તેમાં લાવ્યો. ૧ રાજા-૮
- શેબાની રાણી દુરથી સુલેમાનનો મહિમા જોવા આવી અને તેનું જ્ઞાન અને સંપત્તિ જોઈને આભી બની ગઈ ૧ રાજા૧૦:૧-૧૩
- સુલેમાનના રાજયમાં લોકોએ ભારે સમૃધ્ધિ ભોગવી ૧ રાજા૧૦:૨૨-૨૯
- યહોશાફાટે મૂર્તિઓ દુર કરી અને સમગ્ર ઈસ્ત્રાએલને દેવનો નિયમ શીખવાની વ્યવસ્થા કરી. ૨ કાળવૃતાંત ૧૭અને ૧૮
- બાળ રાજા યોશિયાહે તેના સલાહકારોની વાત માનીને ઈસ્ત્રાએલમાં આત્મિક જાગૃતિ લાવ્યો. ૨ રાજા૨૨-૨૩

- ઉઝિયા અને આશા રાજાની માફક હિઝકિયા રાજા યહુદામાં સમૃધ્ધિ લાવ્યો. ૨ કાળ૨૯-૩૨ અધ્યાયો.

*નવો કરાર* :મંડળીના લોકો દેવના વચનની અને પવિત્ર આત્મા ની દોરવણીને આધીન થાય છે. ત્યારે દેવે સેવા માટે સારા આગેવાનો પુરા પાડ્યા છે.

- ક્રીતની મંડળી માટે સાચા વડીલો ઠરાવવા પાઉલે નવા સેવક તીતસને કહ્યું તીતસ ૧:૫-૯

**ઈસ્ત્રાએલના પ્રબોધકો** (સંબંધિત - ચેતવણી, એલીયાહ, આહાબ, બઆલ, પસ્તાવો, જુઠા સેવકો)

*જુનો કરાર* : દેવે ખરાબ રાજાઓ અને લોકોને પસ્તાવો કરવા માટે ચેતવણી આપવા માટે પોતાના પ્રબોધકોને મોકલ્યા.

- સુલેમાનના અણસમજુ દીકરા રાહાબામે ભારે કરવેરા સુધારવાની લોકોની માંગણી ના માની. તેને કારણે યરોબામ ઉશ્કેરાયો અને ઉત્તરના રાજ્યો જુદા થયા, રાજ્યના ભાગલા પાડ્યા-ઉત્તરમાં ઈસ્ત્રાએલ અને દક્ષિણમાં યહુદા રાજ્ય બન્યા ૧ રાજા ૧૨ અધ્યાય.
- ઉત્તરના ઈસ્ત્રાએલના રાજ્યનો એક રાજા યરોબામ, તેણે પ્રબોધકની ચેતવણી તુચ્છ કરી અને ભુંડી મૂર્તિપૂજાની સ્થાપના કરી. ૧ રાજા ૧૩મો અધ્યાય.
- પછી ઘણાં રાજાઓએ યરોબામનો નમુનો લીધો આહાબે લગભગ આખા ઈસ્ત્રાએલને મૂર્તિપૂજાની છુટ આપી પરંતુ એલિયા પ્રબોધકે ચમત્કારો કરીને બતાવ્યુ કે દેવ જીવતો છે. આ નિર્જીવ મૂર્તિઓ કરતાં ભારે શક્તિશાળી છે. એલીયાએ એક વિધવાના દીકરાને જીવતો કર્યો. ૧ રાજા-૧૭.

કાર્મેલ પર્વત ઉપર પોતાની અને આહાબરાજાની સાથે એકઠા થવા અને સામનો કરવા બાઆલના પ્રબોધકોને એલીયા પ્રબોધકે પડકાર ફેંક્યો. ૧ રાજા.૧૮ મો અધ્યાય

પોતે એકલો પડી ગયો છે. તેવું લાગતા એલીયા હતાશામાં ડુબી ગયો. પણ દેવના દૂતોએ તેને ખોરાક આપ્યો.૧ રાજા ૧૯

એલીયાએ સૌથી ભુંડા રાજા આહાબને પસ્તાવો કરવા ખાતરી કરાવી ૧ રાજા ૨૧

આહાબે મીખાયાહની ભવિષ્યવાણી ની અવગણના કરી અને પોતા પર કારમું મોત લાવ્યો. ૧ રાજા-૨૨

દુષ્ટ રાજા અહાઝયા એ મોકલેલા માણસો ઉપર એલીયાહે આકાશમાંથી અગ્નિ વરસાવ્યો. ૨ રાજા -૧ અધ્યાય

એલીયાહ અગ્નિ રથમાં આકાશમાં લઈ લેવાયો પરંતુ દેવે તેનું સામર્થ્ય તેના શિષ્ય એલીશાને આપ્યું. ૨ રાજા-૨

એલી શાએ ઈસ્ત્રાએલના રાજા યોરામને ચમત્કારિક રીતે મોઆબના લશ્કરને પરાજીત કરવા શક્તિમાન કર્યો ૨ રાજા-૩

એલી શાએ દેવની શક્તિથી ગરીબ વિધવાને પોતાનું દેવું ચુકવવા શક્તિમાન કરી. ૨ રાજા-૪

દેવની શક્તિથી એલીશાએ અરામના સૈન્યના સેનાપતિ નામાનનો કોઢ દૂર કર્યો. ૨ રાજા-૫

અરામના લશ્કરની ચઢાઈનો એલિયાહે દેવના સામર્થ્યથી પરાજય કર્યો. ૨રાજા.૭:૨૪-૩૩ ૨ રાજા-૮

- યિર્મેયાહે દેવની શિક્ષાની ભવિષ્યવાણી કરી અને યરૂશાલેમનું પતન થશે તેમ જણાવ્યું પણ રાજાએ તે સાંભળવાનો ઈન્કાર કર્યો. ૨ કાળ૩૬:૧૧-૨૩, યર્મિ૩૬
- રાજા અને લોકોએ વધારે ભૂંડાઈ કરી અને આખરે યરૂશાલેમનું પતન થયું અને ઘણાંને બંદીવાન કરીને બેબિલોનમાં લઈ જવામાં આવ્યા. ૨કાળ-૩૬
- યૂના જે પહેલો મિશનેરી હતો તેને બીજા દેશમાં મોકલવામાં આવ્યો અને દેવે તેને આધિન થતા શિખવ્યું ત્યાં સુધી તેણે દેવની આજ્ઞાનો સામનો કર્યો. (યૂનાનું પુસ્તક)

***નવો કરાર :*** ઈસુએ બધા માણસોને પસ્તાવો કરવા બોલાવ્યા છે અને ખરાબ આગેવાનોથી બચવા ચેતવણી આપી છે. આ વરૂઓ લોકોને ભટકાવી દે છે.

- જ્યારે એક પાપી પસ્તાવો કરે છે ત્યારે સ્વર્ગમાં આનંદ થાય છે આ સમજાવતા ઈસુએ ખોવાયેલા ઘેટાનું ઉદાહરણ આપ્યું. લુક૧૫:૧-૧૦.
- ઉડાઉ દીકરાના દ્દષ્ટાંત દ્વારા પ્રભુ ઈસુએ દેવની કૃપા જે પસ્તાવો કરવા તરફ દોરે છે તે વિષે શીખવ્યું છે. લુક ૧૫:૧૧-૩૨
- પીત્તરે સુવાર્તાની ઘોષણા કરી અને પચાસમાને દિવસે લોકોના મોટા સમુદાયને પસ્તાવો કરવા દોર્યા. પ્રે૨:૧-૪૧
- ઈસુએ સાબ્બાથના દિવસે આંધળા માણસને દેખતો કર્યો અને દંભી ધાર્મિક આગેવાનોએ નારાજગી દર્શાવી કે સાબ્બાથને દહાડે તેણે આ કામ કર્યું છે. યો.૯
- તાર્સસના શાઉલે ખ્રિસ્તનીઓને બંદીખાનામાં પૂર્યા અને મરણ પામતા સુધી સતાવતો હતો પણ તેનું બદલાણ થયું અને પ્રેરિત પદ સુધી પહોંચ્યો. પ્રે.૯:૧-૩૧
- જેઓ ખ્રિસ્તી નિષ્ઠાવાન આગેવાનો હોવાનો ઢોંગ કરતા હતા તેવા જૂઠા વરૂઓથી સાવધ રહેવા ઈસુએ ચેતવણી આપી છે. માત.૭:૧૫-૨૦
- યોહાન બાપ્તિસ્મા કરનારે હેરોદને તેના વ્યભિચાર માટે ચેતવ્યો માટે હેરોદે તેને જેલમાં પૂર્યો અને પાછળથી તેનો શિરચ્છેદ કરાવ્યો. માત.૧૪
- સ્વન્યાયીપણામાં રાચતા લોકોના આગેવાન ફરોશીઓના ખમીરથી ઈસુએ લોકોને ચેતવ્યા છે. માત.૧૫:૧-૨૦
- પાઉલે એફેસસના લોકોને ચેતવ્યા કે જૂઠા સેવકો રૂપી વરૂઓ મંડળીને વિખેરી નાખશે અને ભ્રષ્ટ પાપોમાં દોરી જશે. પ્રે.૨૦:૨૮-૩૨
- દેવ યોહાનના પ્રકટીકરણમાં ખ્રિસ્ત વિરોધી દ્વારા ખ્રિસ્તીઓની ભારે સતાવણી થશે તેમ કહે છે. પ્રક.૧૩
- જેઓ પસ્તાવો નહીં કરે તેમના પર ભંયકર અનર્થોરૂપી ન્યાય આવશે તેવી ચેતવણી યોહાનના પ્રકટીકરણમાં આપવામાં આવી છે.
- જેઓ પસ્તાવો કરે છે તેઓને માટે સ્વર્ગમાં ભવ્ય લગ્નજમણ માં સામેલ થવાની પ્રતિજ્ઞા પ્રક્ટીકરણમાં આપવામાં આવી છે. પ્રકટી.૧૯
- દેવના શ્વેત રાજ્યાસન આગળ અપસ્તાવિક લોકોના અંતિમ ન્યાય સંબંધી પ્રકટીકરણમાં જણાવ્યું છે. પ્રકટી-૨૦
- યોહાનના પ્રકટીકરણમાં નવા આકાશ અને નવી પૃથ્વી વિષે જણાવ્યું છે જેમાં આપણે સદાકાળ વસીશું અને ખ્રિસ્ત સાથે રાજ કરીશું,ત્યાં કોઈ આંસુ કે શ્રાપ કે દુઃખ નહીં હોય તે જણાવેલું છે. પ્રક-૨૧,૨૨

***આપણો પ્રત્યુત્તર :***

- આપણા કુટુંબથી શરૂ કરીને દેવે જે ટોળું આપણને આપ્યું છે તેની સારી દેખભાળ કરો. પ્રે.૨૦:૨૮-૩૨
- અનુભવી અને પરખેલા શક્તિમાન વિશ્વાસીઓને જવાબદાર આગેવાન ઠરાવો ૧ તિમો.૩
- જેઓ ભાગલા પાડે છે તેઓને ચૂપ કરો. (તિત.૩:૧૦-૧૧)
- મંડળીને નિર્બળ બનાવતી સામાન્ય ભૂલોથી લોકોને દૂર રહેવા જણાવવું. ખ્રિસ્ત પ્રકટી.માં તે જણાવે છે. પ્રક-૨,૩
- પવિત્ર આત્માનું રોજ નવીનીકરણ પામો. ૨ કો.૪:૧૬-૧૮

- દુઃખ સહન કરતા વિશ્વાસીઓને ખાતરી પમાડો કે તેઓને બદલો મળશે જ ૧ પી.૧ઃ૬-૯, ૧યો.૩ઃ૧-૩

**લુસીફર** (સંબંધિત - શેતાનનું આકશથી પતન, આત્મિક યુધ્ધશસ્ત્રો, શેતાન ઈસુનું પરીક્ષણ કરે છે, શેતાન)

***જૂનો કરાર :*** લુસીફર, બાબેલોનનો રાજા અને સુંદર દૂત ઘમંડી બન્યો અને આકાશથી પડ્યો અને શેતાન નામથી આપણો શત્રુ બન્યો. યશા.૧૪ઃ૩-૧૭. આ બનાવ સૃષ્ટિની શરૂઆતમાં બન્યો હતો પણ ઈસ્ત્રાએલ રાજ્યના ભાગલા પડ્યા ત્યાં સુધી તેને પ્રગટ કરવામાં આવ્યો ન હતો.

***નવો કરાર :*** શેતાન અટક્યા વગર પ્રભુના લોકની સામે લડે છે.

- આકાશમાં યુધ્ધ થયા પછી શેતાન તથા તેના પતિત દૂતોને આકાશમાંથી ફેંકી દેવામાં આવ્યા. પ્રક.૧૨ઃ૭-૯
- શેતાન ઈસુનું પરીક્ષણ કરે છે. માત.૪
- શેતાન પક્ષીની માફક તેના દુષ્ટ દૂતોને આપણા હૃદયમાંથી દેવનું વચનરૂપી બી ખૂંચવી લેવા મોકલે છે. માત.૧૩
- યહુદાને ખ્રિસ્તનો દગો દેવા શેતાન ચઢાવે છે. યો.૧૩ઃ૨૧-૩૦, યો. ૧૮ઃ૧-૧૨.
- શેતાન અનાન્યા અને સાફીરા જેવા વિશ્વાસીઓને પણ પાપ કરવા પ્રેરે છે. પ્રે.૫ઃ૧-૧૧

***આપણો પ્રત્યુત્તર :***

- શેતાનની સામા થાઓ એટલે એ આપણી પાસેથી પાસી જશે. યા.૪ઃ૭
- શેતાન ગાજનાર સિંહની માફક જે મળે તેને ગળી જવા શોધતો ફરે છે તેનાથી સાવધ રહો. ૧ પી.૫ઃ૮-૯

## ઈસ્ત્રાએલના બંદિવાન થવા સુધીના બનાવો, બચેલાઓનું પાછા ફરવું અને તેવી જ પાછળની ઘટનાઓ

**ઈસ્ત્રાએલીઓનો બેબિલોનમાં બંદિવાસ** (સંબંધિત- મોર્દખાય, દાનિયેલ, વિશ્વાસીઓની સલામતી, ઈસુ-ઉત્તમ ઘેટાંપાળક)

***જૂનો કરાર :*** જેઓ બંદિવાસમાં હતા તેઓમાંના જેઓ એકલા યહોવાહ દેવનું ભજન કરતા હતા તેઓને દેવે સંભાળ્યા.

- દેવના શત્રુઓના નાશ માટે મોર્દખાયે તેની ભત્રીજી અને હિંમતવાન રાણી એસ્તરની મદદ કરી. એસ્તરનું પુસ્તક
- દેવે દાનિયેલના મિત્રોને બળતી ભઠ્ઠીમાં સંભાળ્યા- દાની.૩ દાનીએલને સિંહોનાં બિલમાં સંભાળ્યો. દાની-૬

***નવો કરાર :*** ઈસુ ઉત્તમ ઘેટાંપાળકે પોતાના અનુયાયીઓને પોતાના બળવાન હાથમાં સદાકાળ સંભાળવાનું વચન આપ્યું છે. યો.૧૦ઃ૭-૩૯

***આપણો પ્રત્યુત્તર :*** પોતાના બાળકોને બળવાન હાથો વડે સંભાળનાર દેવની અનંત કૃપામાં વિશ્વાસ રાખો. રૂ-૮ઃ૨૮-૩૯

**એઝરા-સુધારક** સંબંધિત-પુનરોધ્ધાર, બાબેલના બંદિવાસમાંથી પાછા ફરવું, નહેમ્યાહ,આત્મિક દાનો.

***જૂનો કરાર :*** દેવે પોતાના લોકને પાછા ઉઠાડવા શક્તિશાળી આગેવાનો પૂરા પાડ્યા કે તેઓ એક બનીને તેની સેવા પણ કરે.

- ઈરાનના રાજા સાયરસે (કોરશે) બંદિવાનોને બેબિલોનથી પાછા ફરવા તેમજ મંદર બાંધવાની અને ઈસ્ત્રાએલ દેશને પાછો ઊભો કરવાની પરવાનગી આપી. એઝ-૧
- જે યહુદી લોકો પાછા ફર્યા તેમણે મોટા હર્ષનાદો અને આંસુઓ સાથે મંદિર ફરી બાંધવાની શરૂઆત કરી એઝ-૩

- નહેમ્યાહે આર્તાહશાસ્તા રાજા પાસે યરૂશાલેમ ફરીથઈ બાંધવા દેવની પરવાનગી માંગી. નહેમ્યાહ પાછો ફર્યો અને ખંડેરોનો સર્વે કર્યો. નહે-૧-૨
- ચારેબાજુના શત્રુના વિરોધના કારણે નહેમ્યાહે યરૂશાલેમનો કોટ બાંધવા માટે સશસ્ત્ર કારીગરો મૂક્યા. નહે.૩-૪
- લોકોએ દેવનું વચન સાંભળ્યું અને ધ્યાન આપ્યું, તેઓએ પોતાના પાપ કબૂલ કર્યા અને પસ્તાવો કર્યો એમ દેશમાં મોટી જાગૃતિ આવી. એઝ.૮-૯

***નવો કરાર :*** દેવ પોતાના પવિત્રઆત્મા દ્વારા આપણને દાનો અને સામર્થ્ય આપે છે કે આપણે આગેવાની કરીએ, એકબીજાની સેવા કરીએ અને એકબીજાને મદદ કરીએ.

- ઈસુએ પસ્તાવિક પાપીઓ સાથે ભોજન લીધું અને તેઓને દેવની કૃપા પ્રાપ્ત થઈ. મા.૨ઃ૧૩-૧૭
- મંડળીરૂપી શરીરમાં આપણને મળેલા દાનો બીજાઓને મળેલ દાનો સાથે પ્રેમમાં એકબીજાની સેવા માટે આપણે વાપરીએ. ૧કો.૧૨ઃ૧૪-૩૧
- પાઉલે પોતાના સાથીદારોને આગેવાનો ઠરાવવાની અને તેમને તાલિમ આપવાની તેમજ આ પ્રવૃત્તિ વધારતા જવાની સૂચના આપી તિ. ૧ઃ૫, ૨ તિ. ૨ઃ૨

**આપણો પ્રત્યુત્તર :** દેવના કામ માટે પ્રભુના લોકને ઉત્તેજન આપવા વિશ્વાસથી યોજના કરો. એફ.૪ઃ૧૧-૧૬

- જ્યાં ખૂબ જરૂરિયાત છે તેવા સ્થળોએ નવા કાર્યકરોને સ્વાર્પણ સાથે મોકલો. પ્રે.૧૩ઃ૧-૩, તિ ૧ઃ૫

### ઈસુની દુનિયાઉપરની સેવાના બનાવો

**ઈસુનું જીવન** (સંબંધિત- પ્રેરિતો પસંદ કર્યા, વિજયવંત પ્રવેશ, વધસ્તંભ ઈસુનું પાછા ઉઠવું, સ્વર્ગારોહણ)

- ઈસુનો જન્મ માત.૧-૨લુ-૨
- ઈસુ નુ બાપ્તિસ્મા માત.૩
- શેતાનથી ઈસુનુ પરિક્ષણ માત.૪
- ઈસુએ બાર શિષ્યોને નીમ્યા જેઓ પાછળથી પ્રેરિતો કહેવાયા માત્થી.૪ઃ૧૮-૨૧, ૯ઃ૯-૧૩, યો.૧ઃ૩૫-૫૧, માર્ક ૩ઃ૧૩-૧૯
- ઈસુનું રૂપાંતર માત્થી.૧૭
- ઈસુનો યરૂશાલેમમાં વિજયવંત પ્રવેશ (પામ સન્ડે-ખજૂરીનો રવિવાર) માત.૨૧
- સર્વ દેશના લોકોને શિષ્ય બનાવો - એ કામની ઈસુની (શિષ્યોને ) મહા આદેશ. પવિત્ર આત્માના સામર્થ્યથી આ કામ કરવા અને પસ્તાવો અને પાપની માફી પ્રગટ કરવા માટે જાહેરાત. માત.૨૮ઃ૧૮-૨૦, માર્ક૧૬ઃ૧૫-૧૬, લુક૨૪ઃ૪૬-૪૮ યો.૨૦ઃ૨૧-૨૩, પ્રે૧ઃ૮
- ઈસુનું સ્વર્ગારોહણ લુ.૨૪ઃ૫૦-૫૩

### ઈસુના સ્વર્ગારોહણ પછીના બનાવો

**પવિત્ર આત્મા પચાસમાના દિવસે આવ્યો.** (સંબંધિત- સ્તેફન, પચાસમાનો દિવસ, મંડળીના વડીલોનું મંડળ, મિશનેરી ટીમ, ન્યાય)

- યહુદી વિશ્વાસીઓ ઉપર પચાસમાના દિવસે પવિત્ર આત્મા આવ્યો. પ્રે.૨
- જ્યારે સ્તેફને જૂના કરારમાંથઈ જણાવ્યું કે તમારા બાપદાદાઓ દેવની સામા સતત થતા આવ્યા છે ત્યારે ખ્રિસ્તવિરોધીઓએ સ્તેફનને પથ્થરે માર્યો પ્રે-૭

- પહેલી વિદેશી મંડળી-તેઓ પણ પવિત્ર આત્મા પામ્યા. પ્રે-૧૦
- પહેલી મિશનેરી ટીમ પ્રે.૧૩-૧૪

  **પહેલી મંડળી - મંડળી વચ્ચેની કાઉન્સીલ પ્રે-૧૫**
- અંતિમ ન્યાય પ્રક૨૦:૧૧-૧૫
- ઈસુએ પ્રભુભોજનની સ્થાપના કરી. માત.૨૬:૧૭-૨૯
- ગેથસેમાનેમાં ઈસુની વ્યથા અને તેની ધરપકડ માત. ૨૬:૩૬-૫૬
- કેટલીક સત્તાઓ સમક્ષ ઈસુ ઉપર કામ ચલાવાયું.માર્ક૧૪:૫૫-૬૪, યો.૧૮:૨૮-૪૦, ૧૯:૧-૧૬
- ઈસુનું વધસ્તંભે જડાવું, માત.૨૭, માર્ક૧૫, લુ-૨૩, યો.૧૯:૧૭-૩૭
- ઈસુનું દફન યો-૧૯:૩૮-૪૨
- ઈસુનું પુનરૂત્થાન અને દર્શનો માત.૨૮, યો.૨૦-૨૧

Copyright 2004 © by Paul - Timothy. May be freely copied.
Download from www.Paul-Timothy.net